## વડીલોને વંદન અભિનંદન



મૃદુલાબેન આર. દવે
(૧૯૪૪)ફોન:૨૩૨૬૧૭૫૫



જશવંતલાલ વી. ઠેકડી
(૧૯૪૭) ફોન: ૨૩૨૨૭૫૬૫



મહેન્દ્રભાઈ કે. ચૌહાણ
(૧૯૫૯)

# ગુજરાતમાં કોંગ્રેસ ક્યાં ખોવાઈ જશે તેનો પત્તો નહિ મળે : નરેન્દ્ર મોદી

## સિરક્રીક જેવા દેશની સુરક્ષા અને હિતના મુદ્દે કોંગ્રેસ મને ચૂપ કરાવી શકશે નહિ : જાહેરસભાઓમાં મોદીની ગર્જના

અમદાવાદ, તા. ૧૫

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર ગુજરાતની ચૂંટણી સભાઓમાં પાકિસ્તાન ઉપર ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરવાનો ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં કેમ દમ નથી કે પાકિસ્તાનના એક પ્રધાન રહેમાન મલિક હિન્દુસ્તાનની ધરતી ઉપર આવીને મુંબઈ ઉપર પાકિસ્તાને મોકલેલા આતંકવાદીઓના ૨૬/૧૧ના હુમલાને અયોધ્યાના રામમંદિરની ઘટના સાથે સરખાવવાની હિંમત કરે ? છતાં કેન્દ્રની મનમોહન સરકાર ચૂપ બેસી રહી છે. પાકિસ્તાનનું ડેલીગેશન આજે દિલ્હી આવ્યું છે અને સિરક્રિકનો સોદો કરવાના મુદ્દે ચર્ચા થવાની છે કે નહીં તે સ્પષ્ટ કરો. શા માટે દેશને અંધારામાં રાખો છો. તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો. ભારતની આંતરિક બાબતોમાં વિપરીત ટીકા કરનારા પાકિસ્તાનના ડેલીગેશન પાસે માફી મંગાવશો એવી આક્રોશભરી માંગણી મુખ્યમંત્રીએ કરી હતી. નરેન્દ્ર મોદીએ આજે બીજા તબક્કાના ચૂંટણી પ્રચારના આખરી દિવસે આક્રમકતાથી થરાદ, ધાનેરા, પાલનપુર, વિસનગર, પ્રાંતિજ અને મોડાસામાં જંગી જાહેરસભાઓમાં કેન્દ્રની કોંગ્રેસ સરકારની પાકિસ્તાન અંગેના સંબંધોની નબળાઈ અને રાહુલ ગાંધીના કચ્છના પ્રવાસના મુદ્દાઓ અંગે વેધક સવાલો ઉઠાવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાહુલબાબા ગુજરાતની જનતાને તો એવો ગુસ્સો કોંગ્રેસ ઉપર છે અને આ ચૂંટણીમાં એવો તમાચો મારશે કે કોંગ્રેસને તમ્મર આવી જશે. વીસમી ડિસેમ્બરે કોંગ્રેસ ગુજરાતમાં ક્યાં ખોવાઈ જશે તેનો પત્તો નહીં મળે. વડાપ્રધાન ડો. મનમોહનસિંહ સામે સિરક્રીકના મુદ્દે દેશની જનતાને વિશ્વાસમાં નહીં લેવાનો આક્ષેપ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ૧૫મી ડિસેમ્બરે પાકિસ્તાન સાથે સિરક્રીકના મુદ્દે ચર્ચા થવાની છે. તેની મેં પત્ર લખીને આગોતરી જાણ કરી હતી ત્યારે તમે મારી આ ચૂંટણીલક્ષી શરારત છે એમ કહી વાત ઉડાવી દીધી હતી. પરંતુ આજે ૧૫મી ડિસેમ્બરે પાકિસ્તાનનાં મંત્રી સાથે ડેલીગેશન દિલ્હી આવી ગયું હતું. એ વાસ્તવિકતા દેશની જનતા નજરે નિહાળે છે. તમે ગુજરાતની ચૂંટણીની આડમાં સિરક્રીકનો સોદો કરી લેવા માંગતા હતા, પરંતુ મેં આખા કારસાનો પરદો ખોલી નાંખ્યો છે તમારે ચૂંટણી રોકવી હોય તો રોકો પણ દેશની સુરક્ષા અને દેશના હિતમાં મને ચૂપ નહીં કરી શકો તેવું તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે કોંગ્રેસ વિકાસના મુદ્દે ચૂંટણી લડી શકે એમ જ નથી. ગુજરાત વિશેનો કોઈ વિકાસ પ્લાન તેના રાષ્ટ્રીય નેતાઓ પણ જનતા સમક્ષ મૂકી શક્યા નથી. ગુજરાતની જનતાને વિકાસ જોઈએ છે. વિકાસના જુઠ્ઠા વચનો નથી જોઈતા. તેમણે ભારતીય જનતા પાર્ટીના સંકલ્પ પત્રોથી ગુજરાતના ભવ્ય નિર્માણની રૂપરેખા આપી હતી.




તાજેતરમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયેલ ધી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનીયર્સ (ઈન્ડિયા)ના ૨૭મા ઈન્ડિયન એન્જિનીયરીંગ કોંગ્રેસના અધિવેશનમાં માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ એસ એસ રાઠોરે સંબોધન કર્યું હતું. આ અધિવેશનનું ઉદ્દ્ઘાટન ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંસ્થા ભારતમાં ૧૨ ઈજનેરી શાખાઓના ૭ લાખથી વધારે ઈજનેરી સભ્યો ધરાવે છે અને સમગ્ર દેશમાં ૧૦૭ જેટલાં સેન્ટર્સ ધરાવતી વિશ્વની મોટામાં મોટી ઈજનેરી પ્રોફેશનલ સંસ્થા છે. સંસ્થાનાં સેન્ટર્સ આજુબાજુના દેશોમાં પણ કાર્યરત છે. આ સંસ્થાના પ્રમુખપદનો હવાલો એસ એસ ઠાકોર સંભાળી રહ્યા છે.

# જે માણસ ઈશ્વરના ખોટા સોગંદ ખાય છે એ માણસનો વિશ્વાસ કેવી રીતે થાય : કેશુભાઈ

ગાંધીનગર, તા. ૧૫

જે વ્યક્તિ ભારતના બંધારણને ઠેબે ચડાવે છે, ઈશ્વરના નામે ખાધેલા સોગંધનું મહત્ત્વ જાળવતો નથી એ તમારા મતનું સન્માન જાળવશે ? તેવો સવાલ કેશુભાઈ પટેલે ગુજરાતના યુવાનો અને જનતાને પૂછ્યો છે.

કેશુભાઈ પટેલે પોતાના બ્લૉગમાં જણાવ્યું છે કે ભૂતકાળમાં બીજા મુખ્યમંત્રીઓએ લોકાયુક્ત નીમ્યા છે. તપાસની પ્રક્રિયામાંથી પસાર થયા છે. લોકાયુક્ત નીમવામાં આમને કેમ વાંધો છે ? શું છુપાવવાનું છે ? બાબાસાહેબ આંબેડકર લિખિત બંધારણનું અપમાન એ ભારતનું અપમાન છે. આવા વ્યક્તિને આગળ વધારવાથી ભારતનું માન વધવાનું નથી. લોકશાહીનો દુશ્મન ક્યારેય મતનું સન્માન જાળવતો નથી.

તેમણે મુખ્યમંત્રી પર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે ગુજરાતમાં મુખ્યમંત્રી પદની ધુરા સંભાળતી વખતે તેમણે સોગંધ લીધા હતા કે જે કોઈ બાબત મારી વિચારણામાં લાવવામાં આવશે અથવા મારા ધ્યાનમાં મૂકવામાં આવશે તેની જાણ મુખ્યમંત્રી તરીકેના મારા કર્તવ્યોના યોગ્ય પાલન માટે આવશ્યક હોય તો તે સિવાય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ વ્યક્તિ કે સમૂહ સમક્ષ પ્રગટ કરીશ નહીં. 'માત્ર હલકા આશયથી ક્ષુલ્લક રાજકીય સ્વાર્થ માટે જે વ્યક્તિ ઈશ્વરના નામે લીધેલા સોગંધ ફગાવીને મુખ્યમંત્રી પદની ગરિમા ઘટાડે છે, એવા માણસનો વિશ્વાસ કેવી રીતે થાય ?'

તેમણે જણાવ્યું હતું કે બંધારણમાં વિશ્વાસ પ્રગટ કરવાનો હોય છે. પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીએ બંધારણ અને બંધારણીય સંસ્થાઓનું વારંવાર અપમાન કર્યું છે. કેગ જેવી સંસ્થાઓ તેમને અનેક પ્રશ્નો પૂછે છે ત્યારે આ મહાશય તેને કચરાટોપલીમાં પધરાવી દે છે. કેગને ૧૨,૦૦૦ જેટલા પ્રશ્નોના જવાબ આપતા નથી. ભૂતકાળમાં ક્ષુલ્લક સ્વાર્થ માટે ભારતના ચૂંટણી કમિશનરને જેમ્સ લીંગ્દોહ કહીને જે ભાગલાવાદી રાજકારણ ખેલવાનો પ્રયત્ન કર્યો હતો એ કેટલી નિમ્ન કક્ષા દર્શાવતી હતી.

## ત્રણ મતદાન મથકો પર આજે ફરી મતદાન

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રથમ તબક્કામાં યોજાઈ ચુકી છે. પરંતુ કેટલીક ખામીઓના કારણે ત્રણ મતદાન મથકો પર ૧૬મી ડિસેમ્બરે એટલે કે આવતીકાલે ફરી મતદાન યોજવાનો નિર્ણય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવ્યો છે. વર્ષ ૧૯૫૧માં લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ હેઠળ અહીં જુદી જુદી ખામીના કારણે ચૂંટણી રદ કરવામાં આવી હતી. હવે આવતીકાલે સવારે ૮.૦૦થી ૫.૦૦ વાગ્યા દરમિયાન મતદાન યોજાશે.

# ગુજરાતના મતદારો કોંગ્રેસને ભારે સમર્થન આપી રહ્યા છે

## ભાજપના જુઠ્ઠાણાથી પ્રજા તો ત્રાસી ગઈ : વડોદરા ખાતે તિવારીની પરિષદ : કોંગ્રેસ સત્તા માટે ચૂંટણી લડતી નથી

અમદાવાદ, તા. ૧૫

પત્રકાર પરિષદને સંબોધન કરતા કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી મનિષ તિવારીએ આજે વડોદરા ખાતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રજા ભાજપાના જુઠ્ઠાણાથી તંગ આવી ગઈ છે અને ન્યાય મેળવવા માટે કોંગ્રેસને વ્યાપક સમર્થન આપી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપા કોઈ સરપંચની ખુરશી છોડવા તૈયાર નથી જ્યારે કોંગ્રેસમાં નેતાઓએ પ્રધાનમંત્રીના પદને પણ બે વખત છોડી દીધું છે. કોંગ્રેસ સત્તા માટે ચૂંટણી લડતી નથી પરંતુ પ્રજાના કલ્યાણ અને વિકાસ માટે ચૂંટણી લડતી હોવાની વાતને ભારપૂર્વક રજૂ કરી હતી. ભાજપા દ્વારા સિરક્રીકનો મુદ્દો યેનકેન ઉઠાવાયો છે કારણ કે ભાજપા પાસે તેણે કરેલા વિકાસની કોઈ વાત છે નહીં. ગુજરાતમાં ૧૦૮ની સેવાઓ જે ભારતના બીજા રાજ્યોમાં પણ ચાલે છે. ગુજરાતમાં આ યુપીએ સરકાર દ્વારા આપવામાં આવેલી યોજના અને સેવા છે. તેમાં લાગેલા પૈસા કેન્દ્રના છે. પરંતુ ગુજરાત સરકાર તેને પોતાની સેવા-યોજના કહી રહી છે.

આવા પ્રચાર-પ્રસાર કરીને લોકોને ભ્રમિત કરવામાં આવી રહ્યો છે. જેએનએનયુઆરએમની યોજનાના નાણાં પણ કેન્દ્રના છે અને તે ગુજરાતમાં એક વિસ્તાર માટે વાપરવામાં આવે છે. ગુજરાતના વિકાસ સાથે જોડાયેલ એક પણ મુદ્દો બોલવા માટે નથી એટલે દિશા ખોઈ બેઠેલી ભાજપા સરકાર જે મોઢામાંથી નીકળે તે બોલી રહી છે અને તેનાથી બફાટ થાય છે. મનિષ તિવારીએ વધુમાં જણાવ્યું હતું કે, જો કોઈ કોંગ્રેસ સામે પ્રશ્નો ઉઠાવે, આક્ષેપ કરે અને તેનો જવાબ સાંભળવાની તૈયારી ન રાખે તો આ બિમારીનો કોઈ ઈલાજ નથી. વિદેશ નીતિને સમજવાની જરૂર ભાજપાને છે તેવો કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસ દ્વારા પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ દ્વારા જાહેર કરાયેલ ઘરનું ઘર યોજનાને મળેલા વ્યાપક સમર્થનથી ભાજપા સરકાર ગભરાઈ ગઈ છે. ભાજપાએ પણ કોંગ્રેસનું અનુકરણ કરી ઘર માટેની યોજના જાહેર કરી જેમાં મહિલાઓને ફોર્મ ન મળતા લાઠીઓ ખાવી પડી છે.

**શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સભ્યો જોગ**

તા. ૧૪-૧૨-૨૦૧૨ના રોજ સંદેશ દૈનિકની ગાંધીનગરની આવૃતિમાં પરશુરામ ફાઉન્ડેશનના નામથી આવેલ જાહેરાત સંદર્ભે તા.૧૪-૧૨-૨૦૧૨ના રોજ સાંજે ૬.૦૦ કલાકે બ્રહ્મ ભવન, સેક્ટર-૧૬ ખાતે તાકીદની અતિ મહત્વની કારોબારી સભા બોલાવવામાં આવી હતી તેમાં આ જાહેરાતને એક અવાજે સર્વાનુમતે વખોડી કાઢી રદિયો આપવામાં આવ્યો છે. શ્રી સમસ્ત બ્રહ્મ સમાજની આ કારોબારીએ ચર્ચા કરી જણાવ્યું છે કે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરને પરશુરામ ફાઉન્ડેશન તેમજ અન્ય ભળતી સંસ્થાઓ સાથે કોઈ નિસ્બત નથી આ એક સમાજિક સંસ્થા હોઈ તેને રાજકરણ સાથે કોઈ સબંધ નથી કોઈ પક્ષ કે કોઈ વ્યક્તિ સાથે મનભેદ કે મતભેદ નથી તેથી શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સર્વે સભા સદોને અપીલ કરવામાં આવે છે કે આવા ભ્રામક પ્રચારમાં કોઈ ભરમાશો નહિ અને મતદાન આપણી પવિત્ર ફરજ છે. માટે વધારે મતદાન કરી રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત કરશો.

મહામંત્રી
નરેશ દવે

પ્રમુખ
પિનાકીન રાવલ

તથા સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના
તમામ હોદ્દાદારો, કારોબારી સભ્યો તથા સેક્ટર શાખા પ્રતિનિધિઓ

## ૨૧મી ડિસેમ્બરે વિનાશની આગાહી ભ્રામક અફવા છે

અમદાવાદ, તા. ૧૫

૨૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ દુનિયા, પૃથ્વીનો વિનાશ વિગેરે જાત-જાતની ભવિષ્યવાણી, આગાહીઓ માત્ર ને માત્ર ભ્રામક અફવા છે. પૃથ્વી ઉપર પ્રલય-અંત થવાનો નથી તેવું વિશ્વના મોટાભાગના વૈજ્ઞાનિકોએ પુરાવા સાથે જાહેર કર્યું છે. નીબીરૂ ગ્રહ પૃથ્વી સાથે ટકરાશે નહિ. દુનિયાના અંતની વાતોને નાસાના વૈજ્ઞાનિકોએ નકાર્યું છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬




SANGHI CEMENT
KISAN
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

